Ontario

# તમારે શું જાણવું જોઈએ

## ઓન્ટારિયોના એમ્પલોયમેન્ટ સ્ટેન્ડર્ડઝ વિશ

એમ્પ્લોયમેન્ટ એકટ ૨૦૦૦નુ ટુંકુ નામ ઈએસએ (ESA) આ કાયદા હેઠળ ઓન્ટારિયોમાં નોકરી સ્થળે વાજબી ન્યુનતમ ધોરણો અંકિત કરવામાં આવ્યા છે. **તમે ઓન્ટારિયોમા કામ કરતા હો તો શકય છે કે તમને ESA હેઠળ રક્ષણ મળતુ હોય.** આ કાયદામાં ફેડરલ સરકારના કર્મચારીઓ અને બી" અમુક શ્રેણીઓના અધિકારોનો કર્મચારીઓના અધિકારોનો સમાવેશ નથી થતો. કેટલાક કર્મચારીઓ માટે અપવાદ અને ખાસ નિયમો છે. બધા જ કામદારો બધા ઈએસએ (ESA) ના કાયદાને પાત્ર .

## કામના સ્થળે તમારા અધિકારો અને જવાબદારીઓ

કર્મચારીઓ ESA હેઠળના અધિકારો માગે અથવા તે બાબતમા પુછપરછ કરે તો એમ્પ્લોયર ધાકધમકી ન આપી શકે નોકરીમાંથી બરતરફ કે સસ્પેન્ડ ન કરી શકે અને સજા ન કરી શકે કે આમાંથી કોઈ પગલુ લેવાની ધમકી ન આપી શકે. કર્મચારીઓ ને લાગે કે એમ્પ્લોયર કાયદાનુ પાલન નથી કરતો, તો એ શ્રમ મંત્રાલયની મદદ લઈ શકે છે.

**યાદ રાખોઃ** જે કર્મચારીઓ યુનિયનના સભ્ય હોય તેમને એમ લાગતુ હોય કે એમના અધિકારનુ ઉલ્લંઘન થયુ છે તો એમણે શ્રમ મંત્રાલયનો સંપર્ક કરતા પહેલા યુનિયનના પ્રતિનિધિ સાથે ચર્ચા કરવી.

**કામના કલાકો –** સામાન્યપણે આથી વધારે સમય કામ કરવાની ફરજ ન પાડી શકાય.

- દરરોજની મર્યાદિત : દિવસના 8 કલાક અથવા કામના નિયમિત દિવસ માટેના કલાકો, જો અ 8. કલાકો કરતા વધુ હોય તો પછી કર્મચારીઓએ લેખિત કબુલાતને પહોંચી વળવા માટે મર્યાદિત કલાકો કરતા વધુ કામ કરવુ પડે.
- સ્પતાહિક મર્યાદિત : અઠવાડિયામાં 48 કલાક. જો લેખિત કબુલાતને પહોંચી વળવા માટેની જરૂરિયાતને માટે કર્મચારીઓ 48 કલાકથી વધુ કામ કરી શકે છે અને એમ્પલોયર પાસે ડાયરેકટર ઓફ એમપ્લોયમેન્ટ સ્ટેન્ડર્ડઝ તરફથી સમંતિ હોય તો (અમુક સંજોગોમાં જયારે સંમતિની અર" ઓછામાઓછા ત્રીસ દિવસ માટે મુલતવી રાખવામાં આ"વી હોય તો કર્મચારીઓ કદાચ અઠવાડિયાના મર્યાદિત કલાકો કરતા અમુક વધારે કલાકો કામ કરી શકે છે.).

**આરામનો સમય –** સામાન્ય રીતે કર્મચારીઓને મળવી જોઈએ ઓછામાં ઓછી :

- દરરોજ સતત 11 કલાકની રજા.
- દર અઠવાડિએ સતત 24 કલાક અથવા દર બે અઠવાડિએ 48 કલાક કામમાંથી મુકિત મળવી જોઈએ.

**ઓવરટાઈમનો પગાર –** ઘણાખરા કર્મચારીઓ અઠવાડિયાના 44 કલાક કરતા વધારે સમય કામ કરવા બદલ, દરેક કલાક માટે પગારના સામાન્ય દર કરતા 1½ (દોઢ) ગણા દરે પગાર મળવો જોઈએ.

**ન્યુનતમ વેતન –** એમ્પ્લોયરે કર્મચારીઓને નીચે દર્શવ્યા પ્રમાણે કલાક માટે ન્યુનતમ દર આ રીતે છે.

| ૧ ફેબ્રઆરી, ૨૦૦૭ | માર્ચ ૩૧, ૨૦૦૮ | માર્ચ ૩૧, ૨૦૦૯ | માર્ચ ૩૧, ૨૦૧૦ |
|---|---|---|---|
| કલાકના ૮. ૦૦ડોલર | કલાકના ૮. ૭૫ડોલર | કલાકના ૯.૫૦ ડોલર | કલાકના ૧૦.૨૫ ડોલર |

**યાદ રાખોઃ** વિદ્યાર્થીઓ, લિકર સર્વરો હોમવર્કરો અને શિકારીઓ માછીમારોના ગાઈડો માટેના ન્યુનતમ વેતન જુદા છે.

**પગારનો દિવસ –** કર્મચારીને નિયમિત રીતે અને હંમેશા એ જ દિવસે પગાર મળવો જોઈએ અને પગારના ગાળા દરમિયાન એના પગારનુ કપાત રકમનુ વિવરણ (સ્ટેટમેંટ) મળવુ જોઈએ.

**વેકેશનનો સમય અને પગાર –** દરેક 12 મહિનાના ગાળા પછી ઘણાખરા કર્મચારીઓને ઓછામાં ઓછું બે અઠવાડિયાનુ વેકેશન ગાળવાનો અધિકાર છે. વેકેશનના પગાર તરીકે કર્મચારીઓને પોતાના કુલ પગારના ઓછામાં ઓછા 4 ટકા રકમ મેળવવાનો અધિકાર છે.

**જાહેર રજાઓ –** ઓન્ટારિયોમાં દર વર્ષે 9 જાહેર રજાઓ હોય છે (નવુ વરસ, ફેમિલી ડે ગુડ ફ્રાય ડે વિકટોરિયા ડે કેનેડા ડે લેબર ડે થેન્કસ ગિવીન્ગ ડે ક્રિસમસ ડે ડિસેમ્બર ૨૬ )ઘણાખરા કર્મચારીઓ આ દિવસે જાહેર રજાના પગાર સાથે રજા ભોગવી શકે છે.

**હક રજા –** રજાના અધિકારી કર્મચારીઓને નીચે પ્રમાણે રજા મળે છે. જેને માટે પગાર નથી મળતો પરંતુ નોકરી ટકી રહે છેઃ

- ગર્ભાવસ્થા માટે 17 અઠવાડિયાની રજા.
- માતૃત્વ/પિતૃત્વ 35 કે 37 અઠવાડિયાની રજા.
- અંગત માંદગી ,ઈજા કે તબકીદની તબીબી જરૂરિયાત માટે દરેક કેલેન્ડર વર્ષમાં 10 દિવસની રજા. કુટુંબનાં અમુક સભ્યોના મૃત્યુ, માંદગી, ઈજા કે તબીબી કટોકટી કે બી તાકીદની બાબોતો માટે પણ રજા મળી શકે છે.
- 26 અઠવાડિયાના સમયગાળામાં 8 અઠવાડિયાની રજા ગંભીર માંદગીથી પીડાતા અથવા તો 26 અઠવાડિયાની અંદર મૃત્યુનુ જોખમ હોય તો તેવા કુટુંબીની અને કામદારો અને બીજી કોઈ વ્યકિતને પોતાના કુટુંબી ગણે તેવાની દેખરેખ માટે મળી શકે છે.
- ઈમર્જન્સિ લીવને જાહેર કરો.
- રિઝવીસ્ટ લીવ એટલે કે જો તમે લશકરમાં હોવ પણ બીજે કામ કરતા હો અને તમને લશકરી કામ માટે બોલાવે તો તમને નોકરીની આંચ આવ્યા વગર રજા મળવી જોઈએ.

**રૂખસદની નોટિસ અને પગાર –** સામાન્ય રીતે કર્મચારી ૩ મહિના કે તેથી વધુ સમયથી કામ કરતો હોથ અને એને નોકરી પરથી છૂટો કરવાનો હોય તો એમ્પ્લોયરે એને અગાઉથી લેખિત નોટિસ અથવા નોટિસને બદલે રૂખસદ આપવાનો પગાર, અથવા બન્ને આપવાના રહે છે.

**જુવાન કર્મચારીઓ – કામની જવાબદારીઓ અને અધિકારોની વધુ વિગન માટે મહેરબાની કરીને *www.labour.gov.on.ca/english/site/youngworkers પર મુલાકાત લો.***

**આ પોસ્ટરમાં ન આપ્યા હોય તેવા બીજા અધિકારો પણ ESA માં છે. બધા અધિકારો બધા જ કર્મચારીઓ માટે નથી.**

## વધુ માહિતી માટે શ્રમ મંત્રાલયાો સંપર્ક કરો.

ફોન કરો 416-326-7160, અથવા મફત નંબર 1-800-531-5551 અથવા Hearing Impaired TTY 1-866-567-8893.
વધુ માહિતી માટે મિનિસ્ત્રીનો ઈ-મેઈલ દવારા સંપર્ક માટે www.labour.gov.on.ca પર મુલાકાત લો.
એમ્પ્લોયમેંટ સ્ટેનડર્ડઝ કલેઈમ પબ્લિકેશન એન્ડ ફોર્મસ (Employment Standards publications and forms) સર્વિસ ઓન્ટારિયો સેન્ટર (ServiceOntario Centre) ની મુલાકાત લેવાથી મેળવી શકાશે તમારી સૌથી ન"કનુ સેન્ટર સોધવા માટે 1-800-267-8097 પર ફોન કરો.

**Version 4.0**

© Queen's Printer for Ontario, 2008 Printed in Canada
ISBN 978-1-4249-5848-1 (Print)
ISBN 978-1-4249-5849-8 (HTML)
ISBN 978-1-4249-5850-4 (PDF)

esa employment standards act

Gujarati
"What You Should Know about the Ontario Employment Standards Act" is also available in English, French, and other languages.
« Ce qu'il faut savoir sur la *Loi sur les normes d'emploi* de l'Ontario » est également disponible en anglais, en français et en d'autres langues.